છેલ્લા કેટલાક સમયથી અમેરિકામાં વંશીય હુમલાની જે વણજાર ચાલી છે અને એમાં ખાસ કરીને ભારતીયોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે તે બાબત અમેરિકાની નીતિઓમાં તાજેતરમાં આવેલા બદલાવ તરીકે માત્ર ભારતમાં જ નહીં બલકે આખા વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે. દરેક દેશ પોતાના હિતો અને પોતાના નાગરિકોને પ્રાધાન્ય આપે તે સ્વાભાવિક છે પણ એ બાબત જ્યારે કટ્ટરવાદ અને ઝનૂનનું સ્વરૂપ ધારણ કરે ત્યારે ખાસ કરીને આજના વૈશ્વિકીકરણના યુગમાં ચોક્કસપણે ચર્ચાનો વિષય બનતો હોય છે. વિશ્વના ઇતિહાસની દૃષ્ટિએ જોઇએ તો વિશ્વનો લગભગ દરેક દેશ ચોક્કસ સમયગાળા દરમ્યાન વિવિધ સ્વરૂપે આ પ્રકારની નીતિ અપનાવી ચૂક્યો છે પણ આજના સમયમાં આવી નીતિ વૈશ્વિકીકરણના વરવા સ્વરૂપને ઉજાગર કરે છે. આ જ મુદ્દાની વિસ્તૃત વાત આ વખતના અંકમાં કરી છે.

સુમનદીપ વિદ્યાપીઠનું પ્રકરણ આજની શિક્ષણવ્યવસ્થાના વરવા સ્વરૂપને ઉજાગર કરે છે. શિક્ષણક્ષેત્રે પણ વ્યવસાયીકરણનો પ્રભાવ એ આજની એક કડવી વાસ્તવિકતા હોવા છતાં આ જ બાબત જ્યારે એક યા બીજા સ્વરૂપે ભ્રષ્ટાચારનો પર્યાય બની જાય ત્યારે એમ કહી શકાય કે પ્રજા તરીકે આપણે આત્મનિરીક્ષણ કરવાનો સમય પાકી ગયો છે. એક તરફ આપણે ભ્રષ્ટાચાર નાબૂદીના પ્રયાસ કરીએ અને બીજી તરફ સમાજઘડતરનો પાયો ગણાતા શિક્ષણતંત્રમાં જ તે દૂષણ પ્રભાવી હોય તો સામાજિક પુનઃરચના બાબતે ફેરવિચારણા કરવી રહી.

જાણીતા ગુજરાતી હાસ્યલેખક તારક મહેતાની વિદાય સાથે ગુજરાતી હાસ્ય સાહિત્યનો એક યુગ પૂરો થયો છે. આ પ્રસંગે તેમને આદરાંજલિરૂપે ૨૦૦૯માં લીધેલી તેમની મુલાકાત આ અંકમાં પુનઃમુદ્રિત કરી છે.

**મનોજ ભીમાણી**

**નોંધઃ** દર માસની ૧ અને ૧૫ તારીખે પ્રકાશિત થતું પાક્ષિક.


# આરપાર

વર્ષ : ૧૭ અંક : ૨ સળંગ અંક : ૬૦૦
તારીખ : ૧ એપ્રિલ, ૨૦૧૭

૧૬ ફેબ્રુઆરીથી ૧ એપ્રિલ, ૨૦૧૭ માટે પ્રકાશિત



**તંત્રી : મનોજ ભીમાણી**
મુખ્ય કાર્યાલય
૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ,
જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૬૫૧૦૭
ફેક્સ : ૦૭૯-૨૬૪૬ ૩૦૨૮
e-mail aarpar@gmail.com,
website : www.aarpar.com


| લવાજમ | ભારતમાં | વિદેશમાં | | |
|---|---|---|---|---|
| મુદત | રૂ. | ડોલર | પાઉન્ડ | યૂરો |
| ૫ વર્ષ | ૧૦૦૦ | ૩૧૦ | ૧૮૫ | ૨૮૦ |
| ૪ વર્ષ | ૮૨૫ | ૨૫૦ | ૧૫૦ | ૨૨૫ |
| ૩ વર્ષ | ૬૫૦ | ૧૯૦ | ૧૧૫ | ૧૭૦ |
| ૨ વર્ષ | ૪૫૦ | ૧૩૦ | ૮૦ | ૧૧૫ |
| ૧ વર્ષ | ૨૫૦ | ૭૦ | ૪૫ | ૬૦ |

લવાજમ માટેનો ચેક વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.ના નામનો ‘આરપાર’ કાર્યાલયને મોકલવાનો રહેશે.


મુદ્રક-પ્રકાશક
મનોજ ભીમાણીએ
**વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.** વતી
ભાસ્કર પ્રિન્ટિંગ પ્રેસ, નાગદેવતા મંદિર પાસે,
ચાંગોદર-બાવળા હાઈવે, અમદાવાદ.
૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ
જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ,
અમદાવાદ-૬ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

Registered under R.N.I.No. GUJ/GUJ/2001/5521 Permitted to post at AHMEDABAD PSO FORTNIGHTLY ON 1st & 15th of Every Month under postal Registration Number : L3/131/GUJ-408/15-17 valid upto 31-12-2017